GJGS090000072026

રજુ તા. ૦૬-૦૧-૨૦૨૬
દાખલ તા. ૦૬-૦૧-૨૦૨૬
ફેસલ તા. ૨૦-૦૮-૨૦૨૬
**સમયગાળો:–**વર્ષ–માસ–દિવસ
૦૦ – ૦૭ – ૧૪

## મ્હે. કોડીનારના બીજા એડીશ્નલ ડીસ્ટ્રીકટ જજ સાહેબની કોર્ટમાં, જી. ગીર સોમનાથ.

**રેગ્યુલર સીવીલ અપીલ નં.૦૧/૨૦૨૬**
**આંક–**

**એપેલન્ટ/:** **ખીમાભાઇ બાલુભાઇ ઉર્ફે સામતભાઇ વાજા,**
**મુળ પ્રતિવાદી** ઉ.વ.આ. ૬૮, ધંધો. ખેતીકામ, રે. સુગાળા, તા. કોડીનાર, જી.ગીર સોમનાથ

**વિરૂધ્ધ**

**રીસ્પોડેન્ટ/:** **અંબુજા સીમેન્ટ લી.**
**મુળ વાદી** તે કંપની એકટ હેઠળ નોંધાયેલ મર્યાદિત જવાબદારી વાળી જોઇન્ટ સેકટર કંપની જેની રજી. ઓફીસ અંબુજાનગર, કોડીનાર મુકામે આવેલી છે. મું. અંબુજા નગર, તા.કોડીનાર

---

**એપેલન્ટ તર્ફે :– વિ.વ.શ્રી વી.એમ.રાઠોડ**
**રીસ્પોન્ડન્ટ તર્ફે :– વિ.વ.શ્રી બી.બી.સોલંકી**

---

**વિષય : સીવીલ પ્રોસીઝર કોડની કલમ–૯૬ હેઠળ અપીલ..**

## ––: ચુકાદો :––

(૧) **ટુંકી વિગતઃ–** આ રેગ્યુલર સીવીલ અપીલ એપેલેન્ટ (મુળ પ્રતિવાદી)નાએ આ કામના રીસ્પોડેન્ટ (આ કામના મુળ વાદી)

વિરૂધ્ધ ઉનાના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજશ્રી ધ્વારા સ્પે.દિ.મુ.નં. ૩૭/૨૦૧૩ ના કામે વાદીનો દાવો મંજુર કરતો આખરી હુકમ તા.૨૩/૦૩/૨૦૨૨ ના રોજ કરેલ. જે હુકમ અને હુકમનામાથી નારાજ થઇ આ રેગ્યુલર અપીલ કરી પડકારવામાં આવેલ છે. હાલની અપીલમાં સરળતા ખાતર હાલના એપેલન્ટને "**પ્રતિવાદી**" તરીકે અને રિસ્પોન્ડન્ટસને **"વાદી"** તરીકે સંબોધન કરવામાં આવેલ છે. સદરહુ હુકમ વિધ્વાન પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજશ્રી ઉનાએ ફરમાવેલ હોય, હવે પછી તેમને વિધ્વાન ''**ટ્રાયલ કોર્ટ**'' તરીકે સંબોધવામાં આવશે.

(૨) એપેલેન્ટની અપીલની મુખ્ય હકીકત એવી છે કે, આ કામના મૂળ વાદીએ દાખલ કરેલ સ્પે.દિ.મુ.નં. ૩૭/૨૦૧૩ ના કામે વિદ્ધાન ટ્રાયલ કોર્ટે લિમિટેશનનો મુદ્દો ઘડેલો નથી કે તે સંદર્ભે કોઈ મૂલ્યાંકન પણ કરેલ નથી કે વાદી કરારના તેમના ભાગનું પાલન કરવા માટે ખુશી અને તૈયાર હતા તે પણ ધ્યાને લીધેલ નથી અને સદર દાવો એકતરફી રીતે પ્રતિવાદીને પૂરતી તક આપ્યા સિવાય વાદીની તરફેણમાં ચલાવી મંજૂર કરી દીધેલ, જે વિરુદ્ધ એપેલેન્ટ દ્ધારા નામદાર હાઇકોર્ટ સમક્ષ સ્પે.સી.એ. નં. ૧૮૫૪૪/૨૦૨૩ દાખલ કરેલી. તે મૂળ અરજી એપેલેન્ટના એડવોકેટ કુમારી રત્નાબેન વોરાએ આ નામદાર કોર્ટની પરવાનગીથી વીડ્રો કરેલી અને નામદાર ગુજરાત હાઇકોર્ટે ગુણવત્તા અંગે કોઈપણ ચર્ચા કર્યા વિના પરવાનગી આપી નિકાલ કરેલો. નામદાર હાઇકોર્ટે વધુમાં સ્પષ્ટ કરેલ કે, સદરહું પિટિશનમાં ખર્ચાયેલ સમય બોનાફાઇડ ગણાશે. આ સંજોગોમાં આ કોર્ટ સમક્ષ હાલની અપીલ દાખલ કરેલ છે.

(૨.૧) એપેલેન્ટની અપીલના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ છે:
આ કામના રિસ્પોન્ડન્ટ કે જે મૂળ વાદી છે તેમણે તારીખ

૨૨/૧૦/૨૦૦૯ ના રજી.નંબર ૧૨૭૦ અન્વયે રેવન્યુ સર્વે નંબર ૧૫૩/૧/પૈ/૧ ક્ષેત્રફળ ૯૭૧૩ ચો. મીટર વાળી જમીન કે જે સુગાળા ગામ તાલુકો કોડીનારમાં ખાતા નંબર ૪૧૯ થી આવેલ તેના વેંચાણ કરારના વિશેષ અમલ માટે દાખલ કરેલો. રિસ્પોન્ડન્ટના જણાવ્યા અનુસાર સદર જમીન રૂપિયા ૧૯,૨૪,૦૦૮/- ના અવેજમાં વેંચવા માટેનો કરાર થયેલો અને રિસ્પોન્ડન્ટના જણાવ્યા અનુસાર સદર રકમ તેઓએ વાદીને સદર કરારના એક માસમાં ચૂકવી આપેલી. આ સંજોગોમાં વાદીએ તારીખ ૨૨/૧૦/૨૦૦૯ ના વેંચાણ કરારના વિશિષ્ટ પાલન માટે કરેલ હોય જેનો દાવા નંબર ૩૭/૨૦૧૩ તારીખ ૨૦/૧૨/૨૦૧૩ ના રોજ કરેલો.

(૨.૨) એપેલેન્ટના જણાવ્યા અનુસાર તેમને દાવાનો સમન્સ/ નોટીસ યોગ્ય રીતે બજેલ નહી અને એપેલેન્ટ/પ્રતિવાદીને સદર દાવા અંગે કોઈ જાણકારી મળેલ નહીં અન્યથા પ્રતિવાદીએ સદર દાવાને પડકારી તેમની કિંમતી જમીનને બચાવવા પૂરતો પ્રયાસ કરેલ હોત. તે સંદર્ભે કોર્ટના બેલીફનો તા. ૨૪/૦૧/૨૦૧૪ નો રિપોર્ટ ધ્યાને લેતાં, તેમાં ગામના સરપંચની સહી લેવામાં આવેલ અને રિપોર્ટ કરાયેલ કે એપેલેન્ટ/પ્રતિવાદીએ તે નોટીસ સ્વીકારવાનો ઈન્કાર કરેલો.

(૨.૩) વિવાદિત હુકમ અને હુકમનામું પસાર થયા બાદ રિસ્પોન્ડન્ટ દ્વારા તેની દરખાસ્ત અરજી નં. ૦૫/૨૦૨૨ તારીખ ૨૭/૧૨/૨૦૨૨ ના રોજ દાખલ થતાં તેની નોટીસ તારીખ ૦૪/૦૧/૨૦૨૩ ના રોજ ઈસ્યુ કરાતા તેઓ પ્રતિવાદીને તારીખ ૧૨/૦૧/૨૦૨૩ ના રોજ મળેલી. ત્યારબાદ તારીખ ૧૯/૦૬/૨૦૨૩ ના રોજ ફરીથી બીજી નોટીસ તેમને ઈશ્યુ કરેલી જે તારીખ ૦૩/૦૭/૨૦૨૩ ના રોજ મળેલી. વિદ્વાન

ટ્રાયલ કોર્ટ મૂળ દાવામાં તેઓ પ્રતિવાદીને નોટીસ/સમન્સ યોગ્ય રીતે બજાવ્યા અંગે ખાતરી કરી ત્યારબાદ દાવો આગળ ચલાવી શક્યા હોત, પરંતુ વિદ્વાન ટ્રાયલ કોર્ટે સમગ્ર દાવાની કાર્યવાહી એક્સ પાર્ટી ચલાવેલી.

(૨.૪) વધુમાં, વાદી દ્વારા રૂ. ૧૯,૨૪,૦૦૮/- પ્રતિવાદીને ચૂકવી આપેલ હોવાનું પ્રસ્થાપિત કરવામાં નિષ્ફળ નિવડેલ છે. વાદી દ્વારા સદર ચેક અને તે સંદર્ભે પડેલી એન્ટ્રીઓ રેકર્ડ પર લાવી શક્યા હોત જેનાથી ચુકવણી થયા અંગે પુરવાર થઈ શકે. વાદી દ્વારા સમય મર્યાદામાં દાવો લાવવામાં આવેલ ન હતો જે રેકર્ડ પરથી જણાય છે.

(૨.૫) લિમિટેશન એક્ટ ૧૯૬૩ ના આર્ટીકલ ૫૪ અનુસાર કરારના વિશેષ અમલ માટે નક્કી કરેલી તારીખથી ત્રણ વર્ષમાં દાવો લાવવાનો રહે છે. આ કામે વાદી વેંચાણ કરારના તારીખ ૨૨/૧૦/૨૦૦૯ ના રોજ દાખલ થયેલ જ્યારે દાવો તારીખ ૨૦/૧૨/૨૦૧૩ ના રોજ દાખલ કરાયેલ જે સ્પષ્ટપણે સમય મર્યાદાથી બાધિત જણાય છે. વિદ્વાન ટ્રાયલ કોર્ટ તે અંગે ધ્યાને લઈ શકી હોત કે વાદીએ સદર કરાર અસ્તિત્વમાં આવ્યાના ચાર વર્ષ બાદ કેમ દાવો દાખલ કરેલ છે. જો વાદીના જણાવ્યા અનુસાર નવેમ્બર ૨૦૦૯ માં અવેજ પૂરો ચૂકવી આપેલ હોય તો વેંચાણ દસ્તાવેજ કરવા માટે ચાર વર્ષથી વધુ સમયની રાહ જોવા માટે કોઈ કારણ ન હતું. આ સંજોગોમાં વિદ્વાન ટ્રાયલ કોર્ટે કરેલ હુકમ અને હુકમનામું ભૂલભરેલ, ગેરકાયદેસર, કાયદાની જોગવાઈઓ વિરુદ્ધનું અને કારણો વિનાનું હોય જે રદ થવાને પાત્ર છે.

(૨.૬) રિસ્પોન્ડન્ટ દ્વારા વેંચાણનો પૂર્ણ અવેજ ચૂકવી આપેલ ન હોય તેમ છતાં દાવા અરજીમાં તેઓ તેમના ભાગનું પાલન

કરવા ખુશી અને તૈયાર હોવાનું દર્શાવેલ છે, પરંતુ નામદાર સુપ્રીમ કોર્ટે **કમલકુમાર વિ. પ્રેમલત્તા જોશી સિવિલ અપીલ નં. ૭૭૫૩/૨૦૦૯** માં પ્રસ્થાપિત કર્યા અનુસાર વાદીએ તેઓ ખરા અર્થમાં ખુશી અને તૈયાર હોવાનું દર્શાવવું પડે જે બાબત વિદ્વાન ટ્રાયલ કોર્ટે વિવાદિત હુકમ અને હુકમનામામાં ધ્યાને લીધેલ ન હોય તે રદ થવાને પાત્ર છે

(૨.૭) નામ. સુપ્રીમ કોર્ટે **(2016) 14 SCC પાના નં. ૭૬૧** માં સિદ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, જો પ્રતિવાદી હાજર ન થાય અને દાવાને પડકારે નહીં તો પણ નામદાર કોર્ટે સમય મર્યાદાનો મુદ્દો તપાસવો જોઈએ. આ કામે મૂળ દાવામાં ચાર વર્ષના વિલંબ અંગે કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી. વાદીએ ચાર વર્ષ સુધી રાહ જોવા અંગે કોઈ કારણ આપેલ નથી કે તે સમય મર્યાદા અંગે કોઈ કન્વેયન્સ ડીડ બનાવેલ નથી. વધુમાં, પ્રતિવાદી દ્વારા કોઇ કબજો પણ સોંપાયેલ ન હતો. ઉલટાનું આજદિન સુધી એપેલેન્ટ/પ્રતિવાદી દાવાવાળી જમીનના કબજામાં છે જે સંજોગોમાં વિદ્વાન ટ્રાયલ કોર્ટે વિવાદિત ચુકાદામાં પાના નંબર ૧૮ પેરા નંબર ૬.૮ માં તે સંદર્ભે આપેલ તારણ ભૂલ ભરેલું છે. વધુમાં, રિસ્પોન્ડન્ટ જમીનના કબજામાં હોવા અંગે કોઈ કોર્ટ કમિશનનો રિપોર્ટ કરાયેલો નથી. આ તમામ સંજોગોમાં સદરહું હુકમ અને હુકમનામું ભૂલ ભરેલું, એકપક્ષીય અને કારણો વિનાનું હોય રદ કરવા પાત્ર છે.

(૨.૮) વિદ્વાન ટ્રાયલ કોર્ટે લિમિટેશન અંગેનો કોઈપણ મુદ્દો ઘડયા સિવાય સીધેસીધા તારણ પર આવી ગયેલ કે પ્રતિવાદી હાજર થયેલ ન હોય જેથી દાવો સમય મર્યાદામાં છે અને દાવાનો એકપક્ષીય નિર્ણય કરાયેલો. તે સંજોગોમાં પણ વિવાદિત હુકમ અને હુકમનામું તે મુદ્દા હેઠળ રદ થવાને પાત્ર છે.

(૨.૯) એપેલેન્ટે નામ. સુપ્રીમ કોર્ટ દ્વારા **દેશરાજ અને બીજાઓ વિ. રોહતાશસિંગ સિવિલ અપીલ નં. ૯૨૧/૨૦૨૨** નિર્ણય તારીખ ૧૪/૧૨/૨૦૨૨ માં પેરા ૨૩ માં રીફર કરેલ જજમેન્ટ **K.S.Vidyanadam (1997) 3 SSC 1** પર આધાર રાખેલ છે. વધુમાં એપેલેન્ટ/પ્રતિવાદી આજે પણ દાવાવાળી જમીનના કબજા ભોગવટામાં છે. રિસ્પોન્ડન્ટ/વાદી દ્વારા આ જમીનનો કબજો લેવા માટે કોઈ પગલા ભરાયેલા નથી. રિસ્પોન્ડન્ટ તે હકીકતની જાણકારી ધરાવે છે કે તેમને અવેજની પૂરેપૂરી રકમની ચુકવણી કરેલ નથી.

(૨.૧૦) નામ. **સુપ્રીમ કોર્ટે કમલકુમાર વિ. પ્રેમલત્તા જોશી**ના કેસમાં પ્રસ્થાપિત કરેલ છે કે, *કરારના વિશેષ અમલની દાદ એ અંતર્ગત અને સમન્યાયી દાદ છે. તે સંદર્ભે બંને પક્ષકારો વચ્ચે પ્રથમ તો એક સક્ષમ અને અમલ કરી શકાય તેવો કરાર પક્ષકારો વચ્ચે થયેલ છે કે કેમ તે જોવાનું રહે છે, ત્યારબાદ તેઓ કરારના પોતાના ભાગનું પાલન કરવા ખુશી અને તૈયાર હોવાનું ધ્યાને લેવાનું રહે છે, ત્યારબાદ તેઓ ખુશી અને તૈયાર હોવા અંગે કઈ રીતે પોતાના ભાગનું પાલન કરવા તૈયાર છે તે દર્શાવવું પડે, ત્યારબાદ આવી સમન્યાયી દાદ સામા પક્ષના વિરુદ્ધમાં મિલકત સંદર્ભે મંજૂર કરાય છે અન્યથા તે અંગે પ્રતિવાદીને પડતી હાર્ડશીપ પણ ધ્યાને લેવામાં આવે છે અને ત્યારબાદ છેલ્લે વાદીની દાદ મંજુર કરવા અંગે કે વૈકલ્પિક દાદ રૂપે દરમિયાન ઉપજને કે ચૂકવેલ રકમના રીફંડ માટે ધ્યાને લેવામાં આવે છે. જે* હાલના કેસમાં વિદ્વાન ટ્રાયલ કોર્ટ દ્વારા ધ્યાને લેવામાં આવેલ ન હોય જેથી વિવાદિત હુકમ અને હુકમનામું રદ થવાને પાત્ર છે.

(૨.૧૧) નામ. સુપ્રીમ કોર્ટે **G.N.R. Babu @ S.N.Babu Vs. Dr. B.C.Muthappas&s other.**

**સિવિલ અપીલ નં. ૬૨૨૮/૨૦૨૨** નિર્ણય તારીખ ૦૬/૦૯/૨૦૨૨ ના પેરા ૯ માં પ્રસ્થાપિત કર્યા અનુસાર સમન્સની બજવણી વાળી મિલકત બંધ હોવા સબબ પ્રોસેસ પરત મોકલાયેલ જેમાં પોસ્ટ દ્વારા "Intimation Delivered" નો શેરો કરાયેલો અને ટ્રાયલ કોર્ટે સમન્સની નકલ મિલકતના બહારના ભાગે ચોંટાડીને બજવવા માટે હુકમ કરેલ નહી. જે સી.પી.સી. ઓર્ડર ૫ રૂલ ૧૭ મુજબ જરૂરી ગણેલ. આ કેસમાં પણ વિદ્વાન ટ્રાયલ કોર્ટે તે મુજબનો કોઈ હુકમ ફરમાવેલ ન હોય, જે સંજોગોમાં એપેલેન્ટ વિરુદ્ધ કરાયેલ એકપક્ષીય હુકમ અને હુકમનામું રદ કરવા પાત્ર છે

(૨.૧૨) આ કામના એપેલેન્ટ/પ્રતિવાદી સુગાળા ગામના રહેવાસી છે, ભણેલા નથી, કાયદાકીય સમજ ધરાવતા નથી અને દાવામાં તેમને નોટીસની યોગ્ય બજવણી કરાયેલી નહી. આ સંજોગોમાં તેઓ પ્રતિવાદીએ ઈરાદાપૂર્વક વિદ્વાન ટ્રાયલ કોર્ટ સમક્ષ હાજર થવાનું ટાળેલ હોવાનું માની શકાય નહીં. એપેલેન્ટની જમીન તેમની આજીવિકાનું એકમાત્ર સાધન છે. જો તેમને નોટીસ/સમન્સ યોગ્ય રીતે બજાવેલ હોત તો તેઓ વિદ્વાન ટ્રાયલ કોર્ટ સમક્ષ હાજર રહ્યા હોત. જે સંજોગોમાં પણ વિદ્વાન ટ્રાયલ કોર્ટે પ્રતિવાદીને દાવાની જાણ કરવા અંગે પૂરતો પ્રયત્ન કરેલ ન હોય અને તેઓ વિરુદ્ધ દાવો એક્સપાર્ટી ચલાવી લીધેલ હોય આ સંજોગોમાં સદર વિવાદિત હુકમ અને હુકમનામું રદ યાને સેટેસાઈડ થવાને પાત્ર છે.

(૨.૧૩) રિસ્પોન્ડન્ટ દ્વારા ખરેખર અવેજ પેટે રૂ. ૫૦,૦૦,૦૦૦/- ચૂકવવાને પાત્ર હતા પરંતુ તેમને માત્ર રૂ.૧૯,૨૪,૦૦૮/- ચૂકવ્યાનું જણાવેલ છે અને તે પણ પુરવાર કરેલ નથી. ફક્ત ચેકની નકલ રેકર્ડ પર રજૂ કરવાથી ચુકવણી થયાનું માની શકાય નહીં. તે માટે બેંક એન્ટ્રી રજૂ કરી શક્યા

હોત, વિદ્વાન ટ્રાયલ કોર્ટ દ્વારા રિસ્પોન્ડન્ટને તે માટે હુકમ કરી શક્યા હોત, પરંતુ તેમ કરાયેલ ન હોય વિવાદિત હુકમ અને હુકમનામું રદ યાને સેટેસાઈડ થવાને પાત્ર છે.

(૨.૧૪) એપેલેન્ટ/પ્રતિવાદી ગરીબ, અભણ, ખેડૂત હોય જ્યારે રિસ્પોન્ડેન્ટ એ મોટી કંપની હોય, પ્રતિવાદી વિરુદ્ધ સદર દાવો એકપક્ષીય ચલાવેલ હોય અને તેમને પૂરતી તક આપ્યા વિના ટ્રાયલ ચલાવેલ હોય જે સંજોગોમાં કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંત અનુસાર પ્રતિવાદીને પૂરતી તક આપવી જોઈતી હતી અને તેમ કરવામાં આવેલ ન હોય આથી વિવાદિત હુકમ અને હુકમનામું રદ યાને સેટેસાઈડ થવાને પાત્ર છે.

(૨.૧૫) એપેલેન્ટે આ અપીલ કોર્ટ દ્વારા તપાસવાના મુદ્દાઓ જણાવેલ છે અને આખરે દાદ માંગેલ છે કે, વિદ્વાન ટ્રાયલ કોર્ટે સ્પે.દિ.મુ.નં. ૩૭/૨૦૧૩ ના કામે તા. ૨૨/૦૩/૨૦૨૨ ના રોજ ફરમાવેલ વિવાદિત હુકમ અને હુકમનામું રદ યાને સેટેસાઈડ કરવા અરજ છે, વિકલ્પે સદર દાવા નં. ૩૭/૨૦૧૩ રીસ્ટોર/રીમાન્ડ કરી તેને ફરીથી ચલાવવા વિદ્વાન ટ્રાયલ કોર્ટને હુકમ કરી પક્ષકારોને પૂરતી તક આપી, સાંભળી દાવાનો નિર્ણય કરવા હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

**(૩)** આ કામે રીસ્પોન્ડન્ટ/મુળ વાદી નં.૧ તરફે આંક-૧૦ થી વાંધા જવાબ રજુ કરી જણાવેલ છે કે, એપેલેન્ટની અપીલ ખોટા કથનો વાળી, કારણ વિનાની, સમય મર્યાદા બહારની હોય અપીલ રદ થવા પાત્ર છે. ટ્રાયલ કોર્ટે દાવા લગત યોગ્ય મુદ્દાઓ ઘડેલા છે. એપેલેન્ટ/મુળ પ્રતિવાદીને નામ. અદાલતના બેલીફ મારફતે નોટીસ પણ ધોરણસર બજેલ છે, પરંતુ એપેલેન્ટે સદર સમન્સ/ નોટીસને નજર અંદાજ કરી નામ. કોર્ટમાં હાજર થયેલ નહી કે દાવાનો જવાબ કે પુરાવો આપેલ નહી. એપેલેન્ટ/મુળ પ્રતિવાદીને નામ. કોર્ટે લગભગ ૯ વર્ષ જેટલો

સમય આપેલો તેમ છતાં એપેલેન્ટ જાતે કે વકીલ મારફત વિદ્વાન ટ્રાયલ કોર્ટ સમક્ષ હાજર રહેલ નહી. તેથી એપેલેન્ટ સામે એકતરફી દાવો ચલાવવા વિદ્વાન ટ્રાયલ કોર્ટે હુકમ કરેલો. એપેલેન્ટે એડીશ્નલ ડીસ્ટ્રીકટ કોર્ટમાં જવાને બદલે સીધા હાઇકોર્ટમાં જઇ સ્પે.સી.એ.નં. ૧૮૫૪૪/૨૦૨૩ કરેલી જે નામ. હાઇકોર્ટે વિડ્રો કરાવેલી. તેમાં અરજી લગત થયેલ સમય યોગ્ય ગણવામાં આવશે તેવુ કયાંય જણાવવામાં આવેલ નહી. જેથી એપેલેન્ટની અપીલ સમય મર્યાદાની બહાર હોય તેને રદ કરવા અરજ કરેલ છે. એપેલેન્ટે હાલની અપીલ સાથે વિલંબ માફીની કોઇ અરજી કરેલ નહી. એપેલેન્ટે દાવાવાળી ખેતીની જમીન રિસ્પોન્ડન્ટને વેંચાણ આપવા કરાર કરી આપેલ જે રજીસ્ટર વેંચાણ કરારમાં દાવાવાળી જમીન રૂ. ૧૯,૨૪,૦૦૮/– માં વેંચાણ રાખેલ અને તે રકમ એપેલેન્ટને રોકડ તેમજ ચેકથી ચુકવી આપેલ, પરંતુ રિસ્પોન્ડન્ટને વેંચાણ દસ્તાવેજ નોંધાવી આપેલ નહી. જેથી રિસ્પોન્ડન્ટે એપેલેન્ટ સામે કરારનો અમલ કરાવવા માટે દાવો વિદ્વાન ટ્રાયલ કોર્ટ સમક્ષ રે.દિ.મુ.નં. ૬૭/૨૦૧૩ થી દાખલ કરેલો. જે નામ. કોર્ટે દાવો મંજુર કરી એપેલેન્ટને રજીસ્ટર વેંચાણ દસ્તાવેજ નોંધાવી આપવા અને દાવાવાળી જમીનનો કબજો સોંપી આપવા હુકમ કરેલો. જે હુકમનો અમલ કરાવવા રિસ્પોન્ડન્ટે નામ. ટ્રાયલ કોર્ટમાં સ્પે.દરખાસ્ત નં. ૦૪/૨૦૨૪ કોડીનારના નામ. પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની અદાલતમાં દાખલ કરેલ છે, જે હાલ પેન્ડીંગ છે. જેની સમન્સ/નોટીસ એપેલેન્ટને યોગ્ય રીતે બજી જવા છતાં એપેલેન્ટ જાણી જોઇને મુદ્દતે હાજર ન રહેતા લાંબા સમય બાદ એપેલેન્ટ સામે કામ એકતરફી ચલાવવા હુકમ કરવામાં આવેલો. એપેલેન્ટે ચેક મારફતે રકમ સ્વીકારેલ છે તથા એપેલેન્ટની જાણમાં પ્રથમથી હતુ કે રિસ્પોન્ડન્ટ/મુળ વાદીએ કરારના અમલ માટે દાવો કરેલ છે. એપેલેન્ટે કોર્ટના બેલીફને જે શબ્દો કહેલા તે શબ્દો જોતાં પણ એપેલેન્ટનું વર્તન જાણી શકાય છે. ત્યારબાદ વિદ્વાન ટ્રાયલ કોર્ટે આંક–૧ હેઠળ દાવો

એકતરફી ચલાવવા તા. ૦૭/૦૩/૨૦૧૪ ના રોજ હુકમ કરેલો જે હુકમ ન્યાયી અને યોગ્ય છે. હાલમાં જમીન, મકાન, મિલકતના ભાવો ખૂબ વધેલા હોય જેથી એપેલેન્ટની દાનત બગડેલ છે અને રિસ્પોન્ડન્ટ પાસેથી મોટી રકમ પડાવવા માંગે છે. રિસ્પોન્ડન્ટે તા. ૨૨/૧૦/૨૦૦૯ ના રોજ થયેલ વેંચાણ કરારનો ભંગ કરેલ નહી અને તેનો અમલ કરાવવા યોગ્ય રીતે કાનૂની કાર્યવાહી કરેલ છે. એપેલેન્ટે આધાર રાખેલા ચુકાદાઓ આ કામમાં લાગુ પડતા નથી. વિદ્ધાન ટ્રાયલ કોર્ટે રિસ્પોન્ડન્ટ દ્ધારા રજુ થયેલ તમામ દસ્તાવેજોનો અભ્યાસ કરી ન્યાયિક હુકમ કરેલ છે. વિદ્ધાન ટ્રાયલ કોર્ટે સદર દાવામાં વિવેકબુધ્ધિનો ઉપયોગ કરી જે હુકમ કરેલ તે વ્યાજબી અને ન્યાયી છે. એપેલેન્ટે જમીનની વેંચાણ કિંમત ચેક મારફત સ્વીકારેલ જેથી એપેલેન્ટે રિસ્પોન્ડન્ટને તે અંગે કોઇ નોટીસ આપેલી નહી. એપેલેન્ટ નામ. ગુજરાત હાઇકોર્ટમાં કાર્યવાહી કરવામાં નિષ્ફળ નીવડતા તેઓએ સ્પે. દરખાસ્તનો અમલ અટકાવવા હાલની અપીલ કરેલ હોય, તેઓની કોઇ દાદ મંજુર કરી શકાય નહી. જેથી એપેલેન્ટની અપીલ અરજ ખર્ચ સહ રદ કરવા નમ્ર અરજ છે.

(૪) મુળ દાવાના કામના વિ.ટ્રાયલ કોર્ટે આંક-૧૦ થી ઘડેલા મુદ્દાઓ નીચે મુજબના છે.

**: મુદ્દા:**

૧). શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદીએ દાવાવાળી જમીનનો તેમને સાટા કરાર અનું નં. ૧૨૭૦ તા. ૨૨-૧૦-૨૦૦૯ ના રોજનો લખી આપેલ છે ?

૨). શું વાદી પુરવાર કરે છે કે, તેમને દાવાવાળી જમીનની અવેજની તમામ રકમ પ્રતિવાદીને ચુકવી આપેલ છે ?

૩). શું પ્રતિવાદી પુરવાર કરે છે કે, તેઓ કરારનો અમલ કરવા તૈયાર અને ખુશી હતા ?

૪). શું વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે ?

૫). શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

૬). શું હુકમ ? શું હુકમનામું ?

**(૫)** સદરહું મુદ્દાઓ પરત્વે વિ.ટ્રાયલ કોર્ટ ધ્વારા આપવામાં આવેલ નિર્ણયો નીચે મુજબના છે.

(૧) હકારમાં,
(૨) હકારમાં,
(૩) હકારમાં,
(૪) નકારમાં,
(૫) હકારમાં,
(૬) આખરી હુકમ મુજબ

**(૬)** સદર દાવા કામે વાદી અને પ્રતિવાદી ધ્વારા વિ.ટ્રાયલ કોર્ટ સમક્ષ નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ.

**વાદી તરફે મૌખિક પુરાવા :–**

| | |
|---|---|
| ૧. | આંક–૨૪ થી સાહેદ અભીષેક વિજય શર્માનું સોગંદનામુ |

**વાદી તરફે દસ્તાવેજી પુરાવા :–**

| | |
|---|---|
| ૧. | આંક–૨૬ થી પ્રતિવાદીના નામના ગા.ન.નં.૮–અ ના ખેડખાતા નં. ૪૧૯ ની ખરી |
| ૨. | આંક–૨૭ થી પ્રતિવાદીના નામના ગા.ન.નં. ૭/૧૨ ની ખરી |
| ૩. | આંક–૨૮ થી પ્રતિવાદીએ કરી આપેલ વાદીના નામ જોગના રજીસ્ટર સાટા કરાર દસ્તાવેજ અનુ નં. ૧૨૭૦ તા. ૨૨/૧૦/૨૦૦૯ ના અસલ દસ્તાવેજ |
| ૪. | આંક–૨૯ થી પ્રતિવાદીએ વાદી પાસેથી સાટા કરારની વિગતે રૂા. ૧૦૦૧/– વસુલ લીધેલા તેની તથા ત્યારબાદ વધુ રકમ માંગતા અને કબજો સોંપી આપતા તે અંગેની કબજા પાવતીનું તા. ૦૯/૧૧/૨૦૦૯ ના રોજનું અસલ લખાણ |

| | |
|---|---|
| ૫. | આંક–૩૦ થી પ્રતિવાદીને સદરહુ જમીનની વેચાણની કિંમતની બાકી રહેતી રકમ રૂા.૧ ૭,૩૦,૬૦૭/–નો ચેક નં. ૧૩૨૦૮ તા. ૧૧/૧૧/૨૦૦૯ ના રોજ કોડીનાર એસ.બી.આઈ શાખાએ ચુકવેલા તથા પ્રતિવાદીને સદરહુ જમીનના વેચાણની બાકી રહેતી રકમ રૂા. ૧,૯૨,૪૦૦/–ની રકમનો ચેક પ્રતિવાદીના નામનો ચેક નં. ૧૩૨૧૯ તા. ૧૧/૧૧/૨૦૦૯ ના રોજ એસ.બી.આઈ કોડીનાર શાખાનો પ્રતિવાદીને ચુકવેલા છે તેના બેંકના સ્ટેટમેન્ટની ખરી નકલો. |
| ૬. | આંક–૩૧ થી પ્રતિવાદીની માલીકીની જમીન કલેકટરશ્રીના હુકમ નં. લેન્ડ/૧/સી/૫૬૯૧ તા. ૩૧/૩/૨૦૧૭ ની નવી શરતમાંથી જુની શરતમાં ફેરવી આપવા માટે અને તે પેટે પ્રીમીયમની રકમ રૂા.૨૪,૦૮,૮૨૪/– પ્રીમીયમની રકમ ભરવાના અસલ હુકમ |
| ૭ | આંક–૩૨ થી વાદીએ કલેકટરશ્રી જુનાગઢના હુકમ મુજબ પ્રીમીયમની રકમ રૂા.૨૪,૦૮,૮૨૪/– સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયામાં જમા કરાવેલા તા. ૦૮/૧ ૨/૨૦૧૦ ના ચલણની ખરી નકલ |
| ૮ | આંક–૩૩ થી ઉપરોકત રકમ રૂા. ૨૪,૦૮,૮૨૪/– એસ.બી.આઈ બેંકમાં ચેક નં. ૨૧૮૯૨૬થી તા. ૩૦/૧૧/૨૦૧૦ના રોજ જમા કરાવ્યાના ચેકની નકલ |
| ૯ | આંક–૩૪ થી કલેકટરશ્રી જુનાગઢએ સદરહું જમીન ઔદ્યોગિક હેતુ માટે ખરીદ કરવા માટે તા. ૨૪/૦૮/૨૦૧૧ ના પત્ર નં. લેન્ડ/૧/સી/૪૫૫૮/૨૦૧૧ તા.૨૪/૦૮/૨૦૧૧ ના અસલ હુકમ |
| ૧૦ | આંક–૩૫ થી વાદી સંસ્થાના બોર્ડ ઓફ ડીરેકટરે આમારા નામ જોગ કરી આપેલ કુલમુખત્યાર નામાની ઝેરોક્ષ નકલ |
| ૧૧ | આંક–૩૭ થી પાવર ઓફ એટર્ની |

**પ્રતિવાદી તરફે કોઈ લેખિત જવાબ રજુ કરવામાં આવેલ નથી કે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ નથી. પ્રતિવાદી વિરૂધ્ધ દાવાનું કામ એક તરફી ચલાવવામાં આવેલ.**

(૭) વિદવાન ટ્રાયલ કોર્ટે ત્યારબાદ પક્ષકારોના વિ.વ.શ્રીઓને સાંભળી આખરી હુકમ ફરમાવી વાદીનો દાવો નામંજુર કરવાનો હુકમ અને હુકમનામુ ફરમાવેલ, જે વિરૂધ્ધ એપેલેન્ટ દવારા હાલની અપીલ દાખલ કરાયેલ છે.

(૮) આ અપીલના કામે એપેલેન્ટ તરફે વિ.વ.શ્રી વી.એમ.રાઠોડ ધ્વારા મૌખિક દલીલ કરાયેલ. તેમાં તેઓએ અપીલ મેમાની હકીકતો અનુસારની વિગતો દર્શાવી તેના પર આધાર રાખેલ છે. જેમાં મુખ્યત્વે તેમના પક્ષ નિવેદન મુજબની દલીલો કરેલ છે.

(૯) રીસ્પોન્ડન્ટ તરફે આંક–૧૯ થી લેખિત દલીલ રજુ કરાયેલ છે. જેમા તેઓએ પોતાના વાંધા જવાબ મુજબની હકીકત અનુસારની વિગતો દર્શાવી તેના પર આધાર રાખેલ છે. જેમાં મુખ્યત્વે તેમના પક્ષ નિવેદન મુજબની દલીલો કરેલ છે.

(૧૦) આ કામે પક્ષનિવેદન, રજુઆત તથા દાવાનું મુળ રેકર્ડ વિગેરે ધ્યાને લેતા આ અપીલના નિર્ણય અર્થે નીચે મુજબના પોઈન્ટસ (મુદ્દા) ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દાઓ ::–**

૧. શું વાદી/રિસ્પોન્ડન્ટની તરફેણમાં પ્રતિવાદી/એપેલેન્ટનાએ તા. ૨૨/૧૦/૨૦૦૯ ના રોજ દાવાવાળી જમીન અંગે રજીસ્ટર સાટા કરાર અનુક્રમ નં. ૧૨૭૦ થી લખી આપેલ અને દાવાવાળી જમીનના અવેજની તમામ રકમ પ્રતિવાદી/એપેલેન્ટને ચુકવી આપેલ?

૨. શું વાદી/રિસ્પોન્ડન્ટ સદર કરારનો અમલ કરવા તૈયાર અને ખુશી હતા?

૩. શું વાદી/રિસ્પોન્ડન્ટના દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે?

૪. શું એપેલેન્ટ પુરવાર કરે છે કે સ્પે.દિ.મુ.નં. ૩૭/૨૦૧૩ ના કામે દાવાનો સમન્સ/નોટીસ તેમને યોગ્ય રીતે બજાવવામાં આવેલ નહી જેથી દાવો એકપક્ષીય રીતે તેઓની વિરુધ્ધ ચલાવવામાં આવેલો ?

૫. શું વિ.ટ્રાયલ કોર્ટ દવારા પસાર કરાયેલ હુકમ અને હુકમનામું કાયદા મુજબ ટકવાપાત્ર છે કે તેમાં હસ્તક્ષેપ કે ફેરફારને પાત્ર છે? જો હા તો શું હુકમ કે હુકમનામું ?

**(૧૧)** ઉપરોકત પોઈન્ટસ/ મુદ્દાઓના મારા નિર્ણયો કારણો સહીત નીચે મુજબ છે.

૧. આખરી હુકમ મુજબ,
૨. આખરી હુકમ મુજબ,
૩. આખરી હુકમ મુજબ,
૪. હકારમાં,
૫. હકારમાં,

## <u>:: કારણો ::</u>

### <u>મુદ્દા નં.૧ થી ૫ ની ચર્ચા :-</u>

**(૧૨)** આ કામે ઉપરોકત મુદ્દા નં.૧ થી ૫ નાઓ એકબીજા સાથે સંકળાયેલા હોઇ પુનરાવર્તન ટાળવાના અને સગવડતાના આશયથી/હેતુથી તમામની ચર્ચા એક સાથે કરવી મુનાસિબ સમજુ છું.

આ કામના એપેલેન્ટે હાલની અપીલ સી.પી.સી. કલમ–૯૬ અન્વયે વિ.ટ્રાયલ કોર્ટ દ્ધારા વાદીનો દાવો સ્પે.દિ.મુ.નં. ૩૭/૨૦૧૩ મંજુર કરી એપેલેન્ટ/પ્રતિવાદી વિરુધ્ધ દાવાવાળી મિલકત સંદર્ભે હુકમ અને હુકમનામું કરેલ તે વિરુધ્ધ દાખલ કરેલ છે. જેમાં એપેલેન્ટ તરફે કરાયેલ ઉપરોકત રજુઆતમાં મુખ્યત્વે તેઓ વિરુધ્ધ પસાર કરાયેલ હુકમ અને હુકમનામું એકપક્ષીય કરેલ હોય, તેમને બચાવની પુરતી તક મળેલ ન હોય, જેથી તેમને ન્યાયી તક મળી રહે તે માટે હુકમ મેળવવા દાખલ કરેલ છે.

**(૧૩)** રીસ્પોન્ડન્ટ એટલે કે મુળ વાદી તરફે **આંક–૧૯** થી લેખિત રજુઆત રજુ કરેલ છે. તેમા મુખ્યત્વે તકરાર લીધેલ છે કે, વાદી કંપનીએ પ્રતિવાદી દ્ધારા આ જમીન વેંચવા માટે તા. ૨૨/૧૦/૨૦૦૯ ના રોજ કરી આપેલ રજીસ્ટર કજબા વગરના સાટા કરાર મુજબ જમીનની કુલ વેંચાણ કિંમત રૂ.૧૯,૨૪,૦૦૮/– રોકડા તેમજ ચેકથી ચુકવી આપેલ અને અપીલકર્તાએ તા. ૧૦/૧૧/૨૦૦૯ ના રોજ દાવાવાળી જમીનનો કબજો વાદી કંપનીને સોંપી દીધો હતો અને તે અંગે કબજા પાવતી પણ લખી આપી હતી. ત્યારબાદ સદર જમીન નવી શરતની હોવાથી તેને ઔદ્યોગિક હેતુ માટે વેંચાણ પાત્ર બનાવવા કલેકટરશ્રી જુનાગઢ પાસેથી પ્રિમીયમની રકમ ભરપાઇ કરવાની શરતે પરવાનગી મેળવેલ હતી. ત્યારબાદ જીલ્લા કલેકટરશ્રી જુનાગઢે સદરહું હુકમથી દાવાવાળી જમીન માઈનીંગના હેતુ માટે ખરીદ કરવા અંતિમ પરવાનગી આપી હતી. ત્યારબાદ અપીલકર્તાએ દસ્તાવેજ કરી ન આપતા તા. ૨૧/૦૬/૨૦૧૩ ના રોજ નોટીસ મોકલી, ત્યારબાદ કરારના વિશેષ પાલનનો દાવો કરેલો જે દાવા સંદર્ભે આંક–૨૮ થી રજીસ્ટર સાટા કરાર, આંક–૨૯ થી કબજા પાવતી, આંક–૩૦ થી અવેજ ચુકવણીનો પુરાવો, આંક–૩૧ અને ૩૪ થી સરકારી પરવાનગીઓ રજુ કરાયેલ છે. આ સંજોગોમાં વાદી કંપનીએ ચુકવી આપેલ વેંચાણ અવેજની રકમ તેમજ જમીનને નવી શરતમાંથી જુની શરતમાં ફેરવવા સરકારમાં જમા કરાવેલ રકમથી

તેમણે આ કરાર પૂર્ણ કરવાની તત્પરતા અને નાણાંકીય ક્ષમતા સાબિત કરેલ છે. અપીલકર્તાને સુનાવણીની પુરતી તક આપવામાં આવી હતી, પરંતુ તે તક લેવાનો પોતે જ ઈન્કાર કર્યો હતો. જેથી કાયદાની પ્રક્રિયાનો અનાદર કરનાર વ્યકિત કુદરતી ન્યાયના ઉલ્લંઘનની ફરીયાદ કરી શકે નહી. અપીલકર્તા ગરીબ અને અભણ ખેડૂત હોવાનો બચાવ કાયદાકીય રીતે અપ્રસ્તુત છે. બેલેન્સ ઓફ ઈકવીટી સંપૂર્ણપણે પ્રતિવાદીની તરફેણમાં છે. અપીલકર્તા પૈસા લીધા પછી પણ પોતાની ફરજ નિભાવવાથી ફરી રહયા છે અને જમીનના વધેલા ભાવનો લાભ લેવા કરારમાંથી ફરી રહયા છે જે કાયદા હેઠળ અનુમતિને પાત્ર નથી. અપીલકર્તાએ અપીલમાં કોઇ નવા અને નકકર કારણો રજુ કર્યા નથી જેથી ટ્રાયલ કોર્ટના ચુકાદામાં હસ્તક્ષેપ કરી શકાય નહી. ટ્રાયલ કોર્ટે એકપક્ષીય કાર્યવાહી કરી હોવા છતાં, વાદીના કેસની યોગ્યતા અને પુરાવાઓની સંપૂર્ણ ચકાસણી કરી છે. વિદ્વાન ટ્રાયલ કોર્ટે દરેક મુદ્દાઓ ઉપર જેમાં સમય મર્યાદા સહિતના મુદ્દા અન્વયે કાયદાકીય જોગવાઈઓ અને પુરાવાઓને ધ્યાનમાં રાખી તારણો કાઢયા છે. આ સંજોગોમાં અપીલ માત્ર કાયદાકીય પ્રક્રિયાનો દુરઉપયોગ અને સમયના બગાડ માટે હોય, જેથી અપીલકર્તાની અપીલ ખર્ચ સહિત રદ કરી વિદ્વાન ટ્રાયલકોર્ટનો ચુકાદો અને હુકમનામું યથાવત રાખી રિસ્પોન્ડન્ટની અપીલનો સંપૂર્ણ ખર્ચ અપીલકર્તા પાસેથી અપાવવા નમ્ર અરજ છે.

(૧૪) આ અપીલ કામે પક્ષકારો તરફે કરાયેલ ઉપરોકત રજુઆતો સંદર્ભે વિદ્વાન ટ્રાયલ કોર્ટનો સ્પે.દિ.મુ.નં.૩૭/૨૦૧૩ ના કામે તા.૨૩/૦૩/૨૦૨૨ ના રોજ આંક–૩૯ થી પસાર કરાયેલ વિવાદિત હુકમ અને હુકમનામુ વંચાણે લેતાં, પ્રથમ વિદ્વાન ટ્રાયલ કોર્ટે નોંધેલ છે કે, *આ કેસમાં પ્રતિવાદી સામે દાવો એકતરફી ચાલી રહયો છે અને પ્રતિવાદી તરફથી કોઈ પ્લીડીંગ કે પુરાવો રજુ થયેલ નથી.* ત્યારબાદ વાદી તરફે રજુ થયેલ પ્લીડીંગ અને પુરાવો વંચાણે લઇ નોંધેલ કે, *વાદીએ પોતાના દાવા માહેની હકીકતો યોગ્ય પુરાવાથી પુરવાર કરી*

*છે અને ખાસ કરીને પ્રતિવાદી તરફથી કોઇ બચાવ રજુ થયેલ નથી. તે સંજોગોમાં વાદી જે હકીકત જણાવે છે તેના પર શંકા કરવાને કોઇ કારણ રહેતુ નથી.* તે સંજોગોમાં વિદ્વાન ટ્રાયલ કોર્ટે ખરુ માનેલું કે, *પ્રતિવાદીએ દાવાવાળી જમીનનો સાટા કરાર અનુક્રમ નં. ૧૨૭૦ તા. ૨૨/૧૦/૨૦૦૯ ના રોજ લખી આપેલ છે.* તેવી જ રીતે, મુદ્દા નં. ૨ સંદર્ભે વિદ્વાન ટ્રાયલ કોર્ટે માનેલુ કે, *વાદીના કહેવા અનુસાર તેમણે પ્રતિવાદીને રૂ. ૧૭,૨૦,૬૦૭/– ચેકથી, રૂ. ૧,૯૨,૪૦૦/– ચેકથી ચુકવી દીધેલ જયારે રૂ. ૧૦૦૧/– રોકડેથી ચુકવેલ છે, પરંતુ બાકી રૂ. ૧,૯૨,૦૦૦/– ની રકમ પ્રતિવાદીને વાદીએ ચુકવી તે માટેનુ લખાણ વાદી તરફથી રજુ કરવામાં આવેલ નથી. તે માટે વિદ્વાન ટ્રાયલ કોર્ટે આંક–૩૦ નું વાદીનુ બેંક ખાતાનું સ્ટેટમેન્ટ ધ્યાને લીધેલ છે. વિદ્વાન ટ્રાયલ કોર્ટે સદર બેંક સ્ટેટમેન્ટ બેન્કર બુકસ એવિડન્સ એકટની જોગવાઇ પ્રમાણે બીજા પુરાવાઓની અપેક્ષા વિના પુરાવામાં ગ્રાહય રાખેલ છે.* પરંતુ **બેન્કર બુકસ એવિડન્સ એકટ ૧૮૯૧ ની** જોગવાઇ ધ્યાને લેતાં, <u>તે બેન્કર બુક્સ એટલે લેઝર બુક્સ, ડે બુક્સ, કેસ બુક્સ, એકાઉન્ટ બુક્સ અને બીજા દસ્તાવેજો જે ધંધાના અર્થે રાખવામાં આવતા હોય તે કોઈ કાનૂની કાર્યવાહીમાં કોર્ટ રૂબરૂ રજૂ કરવામાં આવે તો કલમ ૨(૮) મુજબ તેની પ્રમાણિત નકલ રજૂ કરી શકાશે. તે નકલમાં નીચે સર્ટિફિકેટ આપવાનું રહેશે કે આ દસ્તાવેજ ઓરીજનલમાંથી કોપી કરી તૈયાર કરવામાં આવેલ છે. તે સર્ટિફિકેટમાં પ્રિન્સિપલ એકાઉન્ટન્ટ અથવા બેંક મેનેજરે તેઓના નામનો હોદ્દો અને ઓફિસિયલ ટાઇટલ મારવાનું રહેશે અને તારીખ પણ નાખવાની રહેશે</u>. જે વંચાણે લેતાં આ કામે આંક– ૩૦ થી રજૂ કરાયેલ બેંક સ્ટેટમેન્ટ ફરિયાદી દ્વારા તેમના ધંધા અર્થે નિભાવવામાં આવતું બેન્ક એકાઉન્ટ હોવાનું માની લેવામાં આવે તો પણ તે એન્ટ્રી કે રકમ પ્રતિવાદી/એપેલેન્ટના ખાતામાં ટ્રાન્સફર થયાનો પુરાવો હોવાનું કહી શકાય નહીં. વળી, તેમાં પ્રતિવાદીનું કોઈ નામ પણ દર્શાવેલ નથી આ સંજોગોમાં તેના સમર્થનમાં અન્ય દસ્તાવેજી પુરાવો રજૂ થવો જરૂરી છે.

(૧૫) વિદ્વાન ટ્રાયલ કોર્ટે વધુમાં નોંધેલ છે કે, વાદીએ તેના પ્લીડિંગમાં જણાવ્યા અનુસાર આંક–૨૮ ના સાટા કરારમાં જણાવેલી અવેજની રકમ પૂરેપૂરી પ્રતિવાદીને ભરપાઈ કરી દીધી છે તે અંગે વાદીનું પ્લીડિંગ ધ્યાને લેતાં પુરવાર થયાનું માનેલ છે. વધુમાં વાદી તરફે સાહેદ અભિષેક શર્માનો પુરાવો સર તપાસના સોગંદનામાં સ્વરૂપે રજૂ થયેલ છે જેમાં વાદી કંપનીના રેકર્ડ પ્રમાણે રૂ. ૧૯,૨૪,૦૦૮/– ની રકમ પ્રતિવાદીને ચૂકવી દીધેલ છે તેવું વિદ્વાન ટ્રાયલ કોર્ટે માનેલ છે, પરંતુ આ વ્યવહારની પ્રત્યક્ષ જાણકારી ધરાવતો સાહેદ વાદી તરફે તપાસેલ હોય તેમ જણાતું નથી. તેવી જ રીતે આ કામે આંક–૧૦ થી વિદ્વાન ટ્રાયલ કોર્ટે દાવાના નિર્ણય અર્થે ઘડેલા તકરારી મુદ્દાઓમાં મુદ્દા નંબર–૩ શું પ્રતિવાદી પુરવાર કરે છે કે તેઓ કરારનો અમલ કરવા તૈયાર અને ખુશી હતા તે મુદ્દો ખરેખર વાદીના પ્લીડિંગ અને સ્પેસિફિક રીલીફ એક્ટ અન્વયે કરારના વિશિષ્ટ પાલનના દાવામાં કરારનો અમલ કરવા તૈયાર અને ખુશી હોવાનું વાદીએ પુરવાર કરવાનું રહે છે. જેથી તે મુદ્દો ખોટો અને શરત ચૂકની ભૂલથી ઘડાયેલ હોવાનું વિદ્વાન ટ્રાયલ કોર્ટે માનેલ હોય ત્યારે આંક–૧૦ ના મુદ્દાઓમાં તેવો સુધારો થવો જરૂરી છે અન્યથા પુરાવાનો બોજો કયા પક્ષકાર ઉપર છે તેનો ખ્યાલ ન રહે. જેથી સદરહું મુદ્દો એ **સ્પેસિફિક રીલીફ એક્ટની કલમ –૧૬(સી) અને ૧૯** મુજબ વાદી તરફે પુરવાર થવો જરૂરી છે અને તે માટે દાવાનો મુદ્દો ઘડવો જરૂરી છે પરંતુ તેમાં ભૂલ રહી જવા પામેલ હોય અને તેને વિવાદિત ચુકાદો જાહેર કરતા પહેલા સુધારીને પ્રતિવાદીને તેવી નોટિસ આપેલ ન હોય, જે સંજોગોમાં પણ વિવાદિત ચુકાદો ખામી વાળો અને ભૂલ ભરેલો જણાય છે. જે સંજોગોમાં વિદ્વાન ટ્રાયલ કોર્ટે મુદ્દા નંબર–૨ નો નિર્ણય હકારાત્મક ઠરાવેલ છે તેમાં હસ્તક્ષેપ અને ફેરફારને પાત્ર છે. તેવી જ રીતે મુદ્દા નંબર–૩ માં ફેરફાર અને સુધારો જણાય છે જેથી તે મુજબનો હુકમ વિદ્વાન ટ્રાયલ કોર્ટને કરવો જરૂરી છે જેથી રેકર્ડ ઉપર પક્ષકારોને પૂરતી તક મળી છે તે જોવાની ટ્રાયલ કોર્ટની ફરજ છે.

(૧૬) એપેલેન્ટ તરફે અન્ય તકરાર ઉપસ્થિત કરેલ છે કે, આ કામના વાદી

કંપની અને પ્રતિવાદી વચ્ચે તારીખ ૨૨/૧૦/૨૦૦૯ ના રોજ રજીસ્ટર વેંચાણ કરાર કરવામાં આવેલ અને તેના વિશિષ્ટ પાલન માટે વાદી/રિસ્પોન્ડન્ટે ૩ વર્ષની સમય મર્યાદામાં દાવો લાવવાનો રહે. પરંતુ વાદી/રિસ્પોન્ડન્ટે દાવો સ્પે.દિ.મુ.નં.૩૭/૨૦૧૩ તા. ૨૦/૧૨/૨૦૧૩ ના રોજ દાખલ કરેલ છે. જે ૪ વર્ષ પૂર્ણ થયા બાદ કરેલ હોય, આ સંજોગોમાં લિમિટેશન એક્ટ ૧૯૬૩ ના આર્ટીકલ ૫૪ અનુસાર કરારનો વિશેષ અમલ માટેનો દાવો તેના પાલન માટે નક્કી કરેલી તારીખથી ૩ વર્ષમાં લાવવાનો રહે છે. જે મુજબ દાવો સને ૨૦૧૨ સુધીમાં કરાયેલ ના હોય જેથી સમય મર્યાદાથી બાધીત જણાય છે જે સંદર્ભે વિદ્ધાન ટ્રાયલ કોર્ટે નોંધેલ છે કે વાદીના પ્લીડિંગ અને સાહેદ અભિષેક શર્માના સોગંદનામાંથી જણાય છે કે વાદી કંપની ઔદ્યોગિક હેતુ માટે માઈનીંગ કરવાના હેતુસર પ્રતિવાદીની ખેતીની જમીન ખરીદી રહી હતી જેથી ઔદ્યોગિક હેતુ માટે જ્યારે જમીન ખરીદ કરવાની હોય ત્યારે અલગથી પરવાનગી લેવાની આવશ્યકતા હોય છે અને વાદીએ સક્ષમ અધિકારીશ્રીની કચેરીમાંથી જરૂરી પરવાનગી મેળવવા પ્રીમિયમની રકમ જમા કરાવ્યાનું વાદીએ જણાવેલ છે. તે માટે આંક–૩૧ ના હુકમની સર્ટિફાઈડ નકલ રજૂ કરેલ હોય તે ધ્યાને લઈ વાદીએ કરારનું પાલન કરવા તૈયાર અને ખુશી હોવાનું દર્શાવેલ તેમ માનેલ છે તેમજ વાદી તરફે આંક– ૨૮ થી રજુ સાટા કરાર અન્વયે આ દાવાનું કારણ ક્યારે ઉત્પન્ન થયેલું તે માટે કરારની શરતો ધ્યાને લઈ કરારનું પાલન કરવાનો પ્રતિવાદી ઈન્કાર કરે ત્યારથી વાદીને દાવો દાખલ કરવાનું કારણ ઉપસ્થિત થાય છે તેવું ઠરાવેલ. જે માત્ર વિદ્ધાન ટ્રાયલ કોર્ટે કરારની શરત નંબર–૩ ને ધ્યાને લીધેલ તે મુજબ વાદી કંપનીએ આંક– ૩૧ વાળા પરવાનગી પત્ર અન્વયે નક્કી થયેલી પ્રીમિયમની રકમ તારીખ ૦૮/૧૨/૨૦૧૦ ના રોજ જમા કરાવેલ તે ધ્યાને લીધેલ છે. ત્યારબાદ આંક–૩૧ ની પરવાનગી મેળવવાની અરજી લગત તારીખ ૩૧/૦૩/૨૦૧૧ નો ઓથોરિટીનો નિર્ણય ધ્યાને લઈ ત્યારબાદ જમીન ખરીદવાની પરવાનગી તા. ૨૪/૦૮/૨૦૧૧ ના રોજ મળેલ હોવાનું ધ્યાને લઈ ત્યારથી ૩

વર્ષની સમય મર્યાદાની ગણતરી કરાયેલ છે. આમ, વિદ્વાન ટ્રાયલ કોર્ટે આંક–૨૮ ના કરાર માટે "Time is not Essence of Contract" નો નિયમ ધ્યાને લીધેલો છે તેથી વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ નડતો નહી હોવાનું ઠરાવેલ છે. તે માટે એપેલેન્ટે જણાવેલ છે કે વાદી/રિસ્પોન્ડન્ટે તા.૨૨/૧૦/૨૦૦૯ ના વેંચાણ કરાર અન્વયે સમય મર્યાદામાં કાર્યવાહી શરૂ કરેલ નહી જ્યારે તેઓ એપેલેન્ટ સારા ન હતા ત્યારે તે કાર્યવાહી શરૂ કરી તેની જાણ કે નોટિસ પણ એપેલેન્ટને આપવામાં આવેલ નહી. એપેલેન્ટની સદર રજૂઆત સંદર્ભે જો તેમને પુરાવાની તક આપવામાં આવે કે ખંડન કરવા તક આપવામાં આવે તો તેઓ તે અંગે પુરાવા રજૂ કરી પોતાનો બચાવ પુરવાર કરી શક્યા હોત. જે સંજોગોમાં પણ એપેલેન્ટ/પ્રતિવાદીને તે અંગે બચાવ પુરવાર કરવાની તક આપી શકાય.

(૧૭) એપેલેન્ટ તરફે નામદાર સુપ્રીમ કોર્ટનો ચુકાદો **G.N.R. Babu @ S.N.Babu Vs. Dr. B.C.Muthappas&s other. સિવિલ અપીલ નં. ૬૨૨૮/૨૦૨૨** નિર્ણય તા ૦૬/૦૯/૨૦૨૨ ના ચુકાદા પર આધાર રાખી સી.પી.સી. ઓર્ડર ૫ રૂલ ૧૭ મુજબ ગૌણ રીતે સમન્સ બજાવવા સંદર્ભે સિદ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે જેનું પાલન આ કામે વિદ્વાન ટ્રાયલ કોર્ટ કરવામાં નિષ્ફળ નિવડેલ હોવાનું જણાવેલ છે. આ અંગે વિદ્વાન ટ્રાયલ કોર્ટનું રેકોર્ડ ધ્યાને લેતાં વિદ્વાન ટ્રાયલ કોર્ટે વિવાદિત ચુકાદાના પેરા–૨ માં નોંધેલ છે કે, દાવો દાખલ કરતા પ્રતિવાદીને સમન્સની બજવણી કરવામાં આવી છે પરંતુ પ્રતિવાદી સમન્સની બજવણી કરવા છતાં હાજર થયા નથી તેથી મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ તા. ૦૭/૦૩/૨૦૧૪ ના રોજ પ્રતિવાદી સામે આ દાવાનું કામ એક તરફી ચલાવવાનો હુકમ કરેલ છે. આ સંદર્ભે વિદ્વાન ટ્રાયલ કોર્ટને ન્યાયાધીશશ્રીએ તેમના પુરોગામી જજશ્રી દ્વારા મૂળ પ્રતિવાદી વિરુદ્ધ કરાયેલા દાવો એક તરફી ચલાવવાના હુકમ ઉપર આધાર રાખી દાવાની કાર્યવાહી કરેલ છે તેમ

પ્રતિપાદિત થાય છે. આ અંગે મૂળ દાવા કામે આંક– ૬ થી રજૂ સમન્સ/નોટિસ લગત બજવણી અધિકારીશ્રીનો શેરો ધ્યાને લેતાં..."**આ કામના પ્રતિવાદીને રૂબરૂ મળી આ નોટીસની જાણ કરતા જે આ કામના પ્રતિવાદીએ આ નોટીસ સ્વીકારવાનો ઈન્કાર કરેલ છે તથા સહી કરવાની પણ ના કહેલ છે અને આ કામના પ્રતિવાદીએ જણાવેલ કે કોઈપણ કોર્ટના કાગળો આજ કે કાલ અમો સ્વીકારવાના નથી. તેમ જણાવેલ જે ખાત્રી બદલ સુગાળાના સરપંચશ્રીની સહી કરાવી નીચે સિકકો લગાવેલ છે**". તેવી જ રીતે આંક–૧૭ ના નોટીસ/સમન્સમાં પણ બજવણી અધિકારીશ્રીએ તે મુજબનો શેરો કરી કોર્ટને રિપોર્ટ કરેલ છે, પરંતુ સદર કામે વાદી દ્વારા સર્વિસ એફિડેવિટ કરાયેલ નથી, તેવી જ રીતે સ્થાનિકની હાજરીમાં તેવી પ્રક્રિયા કરાયાનું જણાતું નથી. જો કોઈ પક્ષકાર પ્રોસેસ લેવાનો ઈન્કાર કરે તો તેની બજવણી માટે Substituted service ની જોગવાઈ અન્વયે બજવણી અધિકારીએ પક્ષકારના રહેઠાંણ કે ધંધાના સ્થળે સ્પષ્ટપણે જોઈ શકાય, તેવી રીતે ચોડી બજાવીને બજવણી કરવાની ચેષ્ટા યોગ્ય ગણાશે. જ્યારે આ કામે એપેલેન્ટ/પ્રતિવાદીને કરાયેલ બજવણીનો પ્રકાર ધ્યાને લેતાં, તે યોગ્ય જણાતો નથી. જે રીતે પણ જો પ્રતિવાદીને યોગ્ય રીતે પ્રોસેસ બજાવવામાં આવેલ ન હોય તો પ્રતિવાદીની ગેરહાજરી સબબ કરાતી એકપક્ષીય કાર્યવાહીને ગેરવ્યાજબી કે અન્યાયી ગણી શકાશે. આ સંજોગોમાં પણ એપેલેન્ટની રજૂઆત ટકવાપાત્ર જણાય છે.

(૧૮) હાલના કેસના સંજોગો ધ્યાને લેતા **નામ. ગુજરાત હાઈકોર્ટ 2023(0) AIJEL–HC–245040 (નુરજહાબેન ઈકબાલભાઈ વિ. ઈસ્માઈલ શેખ)** ના કેસમાં પ્રસ્થાપિત કરાયેલ છે કે, *સી.પી.સી. કલમ–૯૬ મુજબની અપીલમાં વિદ્વાન ટ્રાયલ કોર્ટના એકસ પાર્ટી હુકમ સંદર્ભે ઠરાવેલ કે, પ્રતિવાદી કોર્ટ સમક્ષ હાજર ન રહે કે તેમનો બચાવ કે પુરાવો રજુ ન કરે અને વાદીના કેસનું ખંડન કરવાની તક પ્રતિવાદીને મળે નહી, આ સંજોગોમાં વાદીના પક્ષ નિવેદન અને રેકર્ડ પરના મટીરીયલને ધ્યાને લઈ ટ્રાયલ કોર્ટ દ્વારા વાદીના દાવાને સાબિત*

*માનીને હુકમનામું પસાર કરેલ તેવો હુકમ કે હુકમનામું ટકવાપાત્ર નથી. જેથી સદર કેસને વિદ્વાન ટ્રાયલ કોર્ટને ફરી મોકલી બંન્ને પક્ષકારોને પુરતી તક આપી ફરીથી નિર્ણય કરવાનું ઠરાવી વિવાદીત ચુકાદો અને હુકમનામું રદ કરેલ.*

હાલના કેસમાં પણ ઉપરોક્ત આપેલ તારણો અનુસાર વિ.ટ્રાયલ કોર્ટે એપેલેન્ટ વિરૂધ્ધ એક્ષ પાર્ટી હુકમનામું પસાર કરેલ જે કાયદા મુજબ ટકવાપાત્ર જણાતું નથી. આમ, ઉપરોક્ત ઘડેલા મુદ્દાઓ સંદર્ભે મુદ્દા નંબર ૧ થી ૩ ની સાબિતી કે બચાવ અન્વયે એપેલેન્ટ /પ્રતિવાદીની રજૂઆત અને પુરાવાના ખંડન માટે તક આપવા પાત્ર જણાતી હોય. વધુમાં એપેલેન્ટને સ્પે.દિ.મુ.નં.૩૭/૨૦૧૩ ના કામે દાવાનો સમન્સ /નોટિસ યોગ્ય રીતે બજાવવામાં આવેલ ન હોય, જેથી તેમના વિરુદ્ધ દાવો એકપક્ષીય આગળ ચલાવવાનો હુકમ ન્યાયોચિત જણાતો ન હોય. આ સંદર્ભમાં વિદ્વાન ટ્રાયલ કોર્ટ દ્વારા પસાર કરાયેલા હુકમ અને હુકમનામામાં હસ્તક્ષેપ અને ફેરફારની શક્યતા જણાતી હોય, જે સંજોગોમાં સી.પી.સી. ઓર્ડર ૪૧ રુલ ૨૩ અને ૨૩(એ) ની જોગવાઈ ધ્યાને લેતાં જો વિદ્વાન ટ્રાયલ કોર્ટનો હુકમ રદ કરવામાં આવે તો અદાલત તે કેસને પુનઃ સુનવણી માટે અથવા ચોક્કસ મુદ્દાઓના નિર્ણય માટે ટ્રાયલ કોર્ટમાં પાછો મોકલી શકે છે. જે સંજોગોમાં વિદ્વાન ટ્રાયલ કોર્ટના વિવાદિત ચુકાદાને રદ કરવો જરૂરી જણાય છે અને પક્ષકારોને પૂરતી તક આપ્યા બાદ રેકર્ડ પર ઉપલબ્ધ પુરાવાના આધારે અને કાયદાની જોગવાઈઓ અનુસાર ગુણદોષના આધારે સદર દાવાનો ફરી નિર્ણય લેવા માટે વિદ્વાન ટ્રાયલ કોર્ટને આ કેસ રિમાન્ડ કરવો જોઈએ તેવું આ કોર્ટનું તારણ થાય છે. આ સંજોગોમાં ઉપરોક્ત મુદ્દા નંબર ૧, ૨, ૩ નો નિર્ણય આખરી હુકમ મુજબનો ઠરાવી અને મુદ્દા નંબર ૪ અને ૫ નો નિર્ણય હકારાત્મક ઠરાવી હાલની અપીલ લગત નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

(૧) એપેલેન્ટની અપીલ નંબર ૧/૨૦૨૬ આથી મંજૂર કરવામાં આવે છે.

(૨) વિદ્ધાન ટ્રાયલ કોર્ટે સ્પે.દિ.મુ.નં. ૩૭/૨૦૧૩ ના કામે તા. ૨૩/૦૩/૨૦૨૨ ના રોજ આંક –૩૯ થી ફરમાવેલ હુકમ અને આંક–૪૦ નું હુકમનામું આથી રદ યાને સેટેસાઈટ કરવામાં આવે છે અને સદર કેસ વિદ્ધાન ટ્રાયલ કોર્ટે ફરીથી ચલાવી કાયદા અન્વયે ગુણવત્તાના ધોરણે નિર્ણય કરવા રીમાન્ડનો હુકમ કરવામાં આવે છે. વિદ્ધાન ટ્રાયલ કોર્ટે બંને પક્ષકારોનું પક્ષ નિવેદન ધ્યાને લઈ આંક–૧૦ ના મુદ્દાઓ ફરીથી ઘડી ત્યારબાદ પક્ષકારોને પુરાવો રજૂ કરવા રેકર્ડ પર પૂરતી તક આપી, ન્યાયીક સુનાવણી કરી, સદર કેસનો મેરીટસ આધારે ન્યાયિક નિકાલ/નિર્ણય કરવો.

(૩) પક્ષકારોએ પોતે પોતાનો ખર્ચ ભોગવવો.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું

(૫) સ્પે.દિ.મુ.નં. ૩૭/૨૦૧૩ નું R&P વિદ્ધાન ટ્રાયલ કોર્ટ કોડીનારને આ હુકમની એક નકલ સાથે હુકમના અમલ અર્થે મોકલી આપવું.

હુકમ આજરોજ તા.૨૦ મી, માહે. ઓગષ્ટ, સને. ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૦/૦૮/૨૦૨૬.
સ્થળઃ કોડીનાર.

**(અતુલકુમાર આર. પટેલ)**
બીજા અધિક જીલ્લા ન્યાયાધીશ,
**કોડીનાર.**
**[કોડ નંબર-જીજે૦૦૭૧૦]**